| | | |
|---|---|---|
| सत्यमेव जयते | દાખલ તારીખ | ૧૮/૦૭/૨૦૧૯ |
| | રજીસ્ટ્રેશન તારીખ | ૧૮/૦૭/૨૦૧૯ |
| | ફેંસલ તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| | સમયગાળો | **વર્ષ – માસ – દિવસ**<br>**૦૬ – ૧૦ – ૧૯** |

# મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન. જે. નાયી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. કલોલ, જી. ગાંધીનગર.

**ક્રિમીનલ કેસ નં.૩૬૧૪/૨૦૧૯**

**આંકઃ**

(કલોલ શહેર પો.સ્ટે. પ્રોહિ. ગુન્હા રજીસ્ટર નં.૫૫/૨૦૧૯)

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | **:** | **શ્રી સરકાર** | |
| **આરોપી** | **:** | **૧.** | કલ્પેશજી જીવાજી ઠાકોર<br>ઉ.વ.૨૮,<br>રહે. ટીંટોડા, અમરપુરા, તા. જી. ગાંધીનગર. |
| **ફરિયાદ પક્ષે** | **:** | | **વિ.એ.પી.પી. શ્રીમતી એસ. એસ. રાઠોડ** |
| **આરોપી તરફે** | **:** | | **વિ.વ.શ્રી વાય. કે. પંડ્યા /બી. કે. વણકર** |

**ફોર્મ - "બી"**

| | | |
|---|---|---|
| **ગુન્હાની તારીખ** | **:** | તા.૨૨/૦૩/૨૦૧૯ |
| **એફ.આઈ.આર. તારીખ** | **:** | તા.૨૨/૦૩/૨૦૧૯ |
| **ચાર્જશીટ રજુ તારીખ** | **:** | તા.૧૮/૦૭/૨૦૧૯ |
| **તહોમતનામું ઘડયા તારીખ** | **:** | તા.૦૫/૧૨/૨૦૧૯ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | **:** | તા.૦૫/૧૨/૨૦૧૯ |
| **ચૂકાદા પર રાખ્યા તારીખ** | **:** | તા.૦૪/૦૬/૨૦૨૬ |
| **ચૂકાદા તારીખ** | **:** | તા.૦૬/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જે હોય તો** | **:** | – |

## આરોપીની વિગતો

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુન્હો | નિર્દોષ /સજા | કરવા માં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કલ્પેશજી જીવાજી ઠાકોર | તા.૨૨/૦૩/૨૦૧૯ | તા.૨૨/૦૩/૨૦૧૯ | પ્રોહિ. એક્ટની કલમ–૬૬(બી), ૮૫(૧) | નિર્દોષ | – | – |

## ફોર્મ – "સી"

### એ. ફરિયાદ પક્ષ તરફેના મૌખિક પુરાવાનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૬ | ડૉ. જગદીશભાઈ નાનજીભાઈ ટાંક. | મેડીકલ ઓફિસર |
| ૨. | ૧૦ | વિજયજી શકરાજી ઠાકોર. | આરોપીના શરીર–સ્થિતિના પંચનામાંના પંચ સાહેદ. |
| ૩. | ૧૨ | ચંદનજી ગાભાજી ઠાકોર. | “એંજન" |
| ૪. | ૧૫ | અ.હે.કો. અશોકજી સોમાજી. | તપાસ કરનાર અમલદાર |

### બી. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૭ | મેડીકલ ઓફિસરશ્રીનો અભિપ્રાય. |
| ૨. | ૮ | એફ.એસ.એલ.નું ફોર્મ–”સી". |
| ૩. | ૧૧ | આરોપીની શરીર–સ્થિતિનું પંચનામું. |
| ૪. | ૧૬ | ફરિયાદ. |

**–: જજમેન્ટ :–**
**––––––––**

**ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતઃ**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૦૩/૨૦૧૯ ના રોજ કલાક ૨૦.૩૦ વાગ્યે મોજે કલોલ પૂર્વ વાગોસરા પરા પાસે વગર પાસ પરમીટનો દારૂ પી લવરી–બકવાટ કરતો મળી આવી પકડાઈ જઈ **પ્રોહિબીશન એકટની કલમ – ૬૬(બી), ૮૫(૧)** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો બાબતઃ**

(૦૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ અને તેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આરોપી સામે **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવેલ છે અને **આંક–૦૫** થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાબતઃ**

(૦૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત ફોર્મ:સી માં ફરિયાદ પક્ષના સાક્ષીઓની યાદીમાં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે. તેમજ ફરિયાદ પક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝડ કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ**

(૦૪) ફરિયાદ પક્ષે તરફે પુરાવો પૂર્ણ થયા બાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદ પક્ષના સમગ્ર

પુરાવાનો ઈન્કાર કરી જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ, અમોએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી, અમારા વિરૂદ્ધ ખોટો ગુન્હો નોંધી, ખોટી ફરિયાદ આપી, ખોટું ચાર્જશીટ કરેલ છે.

**ફરિયાદી તથા આરોપી પક્ષે દલીલોઃ**

(૦૫) સદર કામે વિ.એ.પી.પી.શ્રીએ દલીલો કરેલ છે કે, આરોપીઓ ઉપર ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે. ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદોએ ફરિયાદીની ફરિયાદ મુજબ જુબાની આપેલ છે. મેડીકલ ઓફિસરશ્રીની જુબાની તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આરોપીએ દારૂ પીધેલ હોવાનું પુરવાર થયેલ છે. તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લેતાં, ગુન્હાની હકીકતો અને તપાસને સંપૂર્ણ સમર્થન કરેલ છે. ફરિયાદ પક્ષ ગુન્હાની તમામ હકીકતોને લેખિત તેમજ મૌખિક આધાર–પુરાવાથી પુરવાર કરી શકેલ છે. તેવા સંજોગોમાં આરોપીને કાયદા મુજબ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૫.૧) બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીએ મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે તટસ્થ સાહેદ એવા પંચોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ગુન્હાવાળી જગ્યાના પંચનામાંને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત.ક.અધિકારીએ ફોર્મલ જુબાની આપેલ છે. આમ, ફરિયાદીએ હાલની ખોટી ફરિયાદ દાખલ કરેલ હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૦૬) **આ કામના ન્યાયિક નિર્ણય હેતું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૦૩/૨૦૧૯ ના રોજ કલાક ૨૦.૩૦ વાગ્યે મોજે કલોલ પૂર્વ વાગોસરા પરા પાસે વગર પાસ પરમીટનો દારૂ પી લવરી–બકવાટ કરતો

મળી આવી પકડાઈ જઈ **પ્રોહીબીશન એકટની કલમ ૬૬(બી), ૮૫(૧)** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે?

૨. શું હુકમ ?

**(૬.૧)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

**૨. આખરી હુકમ મુજબ.**

**(૦૭) રેકર્ડ થયેલ પુરાવાનો ટૂંકસારઃ—**

**(૭.૧)આંક—૦૬** થી જુબાની આપનાર **મેડીકલ ઓફિસર — ડૉ. જગદીશભાઈ નાનજીભાઈ ટાંકે** તેમની તા. ૨૩.૦૩.૧૯ ના રોજ હું મારી ફરજ ઉપર સા.આ.કેન્દ્ર કલોલ હતો ત્યારે રાત્રેના ૦૯.૨૫ વાગે કલોલ સીટી પો સ્ટેના પો કો આરોપી કલ્પેશજી જીવાજી ઠાકોરનાઓને, મારી સમક્ષ પોલીસ યાદી સાથે દારુ બંધી ગુના હેઠળ તપાસ સારુ લાવેલા. ત્યારબાદ,તેઓને તપાસતા નીચે મુજબના ચીહનો જોવા મળેલા.

નં. ૦૧ તેઓના શ્રવાસોશ્રવાસમાં દારુની વાસ આવતી હતી.

નં. ૦૨ તેઓની બોલી અસ્પષ્ટ હતી.

નં. ૦૩ તેઓની ચાલ અસ્થિર હતી.

નં. ૦૪ તેઓની આંખની કીકી પહોળી થયેલી હતી.

મારા અભીપ્રાય મુજબ તેઓએ દારુ પીધેલ હતો તેમજ દારુના નશા હેઠળ હતા. આ અંગેનુ ફોર્મ એ મે તૈયાર કરી પો કોને સુપ્રત કરેલ.જે ફોર્મ મને બતાવવામાં આવે છે જેમાં મેડીકલ ઓફિસર તરીકે મારી સહિ છે. જે હું ઓળખું છું.

ત્યારબાદ મે લોહીનો નમુનો લેવાની પ્રક્રિયા શરુ કરેલ જેમાં દર્દીના ડાબી કોણીના ભાગે ચામડીને જેન્સનવાયોલેટ વડે બરાબર સાફ કરી એક પ્રીસ્ટરીલાઇઝ નીડલ અને સીરીઝ લઈ પાંચ સીસી લોહીનો નમુનો મેળવેલો. ત્યારબાદ, એક એક

પ્રીસ્ટરીલાઈઝ ફીયાલ લઈ તેમાં એન્ટીકોએગ્યુલન્ટ અને પ્રીઝરવેટીવ પોટેશીયમ કોઓકઝોલેટ નામનુ દ્રવ્ય ૦.૫ ગ્રામ ઉમેરેલુ. લીધેલ લોહીનો નમુનો ફીયાલમા ઉમેરેલો તેના ઉપર પ્રીસ્ટરીલાઈઝ રબર કેપ લગાડી તેના ઉપર સ્ટીકીંગ પ્લાસ્ટ લગાડેલ આ ફીયાલના પેટના ભાગે આરોપીનુ નામ, એમ એલ સી નંબર, તારીખ, અને મારી સહી કરેલી. ફિયાલના મથાળાના ભાગે લાખ વડે મેડીકલ ઓફીસરના શીલવડે શીલ કરેલુ. તે લોહીનો નમુનો વધુ તપાસ સારુ એફ એસ એલ અમદાવાદ મોકલવા ફોર્મ બી ભરી ફીયાલ સાથે આર પી એ ડીથી મોકલી આપેલું.

એફ. એસ. એલ. અમદાવાદથી લોહીનુ પુથ્થકરણ થઈ તેનુ પરિણામ ફોર્મ સી આવેલુ છે જેમાં આરોપીના લોહીમાં ૦.૦૭૮૬ ગ્રામ પ્રર્શેન્ટ w/v of ઈથાઈલ આલ્કોહોલ એમ પરિણામ આવેલ છે જેમા ફોર્મ સી માં સાયન્ટીફીક ઓફીસર તરીકે શ્રીમતી એ જી પટેલ અવાચ્ય સહી છે. જે રજુ દાખલ આંક–...... આપવામાં આવે છે.

મારા અભીપ્રાય મુજબ આરોપીના લોહીમા આલ્કોહોલનુ પ્રમાણ સામાન્ય કરતા વધુ આવેલ છે.

**(૭.૧.૧)** સદર સાહેદની બચાવ પક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે આરોપીના શરીર સ્થિતિની મેડીકલ રેગ્યુલેશન મુજબ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે દરેક માણસમા ૦.૦૫ લોહીમા આલ્કોહોલનુ પ્રમાણ સામાન્યરીતે તે કે તેથી નીચુ હોય છે. એ વાત ખરી છે કે સિ ફોર્મ જોઈને કહુ છુ કે આરોપીને બ્લડનુ સેમ્પલ તા. ૨૩.૦૩.૧૯ ના રોજ લિધેલ અને તે અને તે તા. ૨૩.૦૩.૧૯ ના રોજ મોકલેલ અને તે તા. ૨૫.૦૩.૧૯ ના રોજ એફ એસ એલમા તપાસ અર્થે મળેલ. એ વાત ખરી છે કે કોઈ માણસ દ્રાકસાવ્સનુ સેવન કરે તો તેના મોઢામાથી આલ્કોહોલની વાસ આવી શકે. એ વાત ખરી છે કે જો કોઈ વ્યકિતની આંખમાં એટ્રો પીન ડ્રોપ નાખવામાં આવે તો તેની આંખની કીકી પહોળી થઈ શકે. એ

વાત ખરી છે કે જો કોઇ માણસ વધુ પડતો ઉજાગરો કરે તો તેની આંખો લાલ હોઇ શકે. એ વાત ખરી છે કે જો કોઈ માણસ વધુ પડતો બિમાર હોય અને તેને ચલાવવામાં આવે તો તેની ચાલ અસ્થિર થઈ શકે.

એ વાત ખરી નથી કે આરોપીનો લોહીનો નમુનો મે સમયમર્યાદામા મોકલેલ નથી. એ વાત ખરી નથી કે સરકારી તબીબ હોવાના કારણે સોગદ ઉપર ખોટી જુબાની આપુ છુ. અને મારી સરતપાસમા જણાવેલ તમામ હકીકતો ખોટી જણાવુ છુ.

(૭.૨)**આંક–૧૦** થી જુબાની આપનાર **પંચ – વિજયજી શકરાજી ઠાકોર** તથા **આંક–૧૨ થી પંચ – ચંદનજી ગાભાજી ઠાકોર** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, અમોએ કલોલ સીટી પોલીસના કહેવાથી સહી કરેલી, તે સિવાય અમો બીજું કંઈ જાણતાં નથી.

સદર સાહેદોને એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ હાથ ધરેલ છે પરંતુ, ફરિયાદ પક્ષને સમર્થનકારક પુરાવો બહાર આવવા પામેલ નથી.

(૭.૨.૧) સદર પંચ સાહેદોની આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કંઈ જાણતા નથી કે, તેઓએ આરોપીને જોયેલ નથી કે, તેમના રૂબરૂ કોઈ પંચનામું કરવામાં આવેલ નથી.

(૭.૩)**આંક–૧૦** થી જુબાની આપનાર **ત.ક.અમલદાર – અશોકજી કેશાજી**એ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૩.૦૩.૧૯ ના રોજ અમો કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે વાગોસણા પરા પાસે પેટ્રોલીગમા હતા તે દરમ્યાન એક ઇસમ લથડીયા ખાતો હોય તેમને પકડી પાડી અમોએ નજીકથી બે માણસો પંચ તરીકે બોલાવી લાવી હકીકતથી વાકેફ કરી તેઓની રુબરુમાં પકડેલ ઈસમનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ તોતળાતી જીભે કલ્પેશજી જીવાજી ઠાકોર નાનો હોવાનુ જણાવેલ. અને તેનુ પંચો રુબરુ મોઢુ સુંઘી સુંઘાડતા દારુ ની વાસ

આવતી હતી તેને હલાવી ચલાવી જોતા તે પોતે લથડીયા ખાતો હતો તેમની પાસે પાસ પરમીટ માગતા નહિ હોવાનુ જણાવેલુ તેમની આંખો નશાથી લાલઘુમ હતી અને તેઓની અગઝડતીમાથી કાંઇ કબ્જે લીધેલ નહિ તે મુજબનુ પંચનામુ કરેલુ જે પંચનામામા પંચોની તથા રુબરુ તરીકે મારી સહી છે ત્યારબાદ અમે આરોપીના બ્લડ સેમ્પલ લેવા માટે સીવીલ કલોલ મા લઈ ગયેલા અને ત્યા ડો શ્રી દ્વારા મેડીકલ કાર્યવાહી કરી આરોપીનુ બ્લડ સેમપ્લ લીધેલ ત્યારબાદ આરોપી વિરુધ્ધ રાહુલ ભુપતસીહ નાઓએ મારૂ રૂબરૂની પ્રોહિ એકટ મુજબ ફરીયાદ આપેલી. જે રજૂ દાખલ આંક છે. ત્યારબાદ સદર ફરીયાદને પીએસઓએ રજિસ્ટર કરી આગળની તપાસનો હુકમ અમને કરેલ. જે હુકમ આધારે કરેલ અમોએ તપાસ સંભાળેલ.

આ કામે અમોએ લાગતાં–વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઇ નામદાર અદાલતમા ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખુ છું.

**(૭.૩.૧)** સદર તપાસ કરનાર અમલદારની બચાવ પક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા રહેણાંકી વિસ્તાર આવેલો છે. એ વાત ખરી છે કે આજુબાજુના લોકોની અમે પુછપરછ કે જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે અમોએ બનાવની સ્થળના આજુબાજુના કોઇ ઇસમને પંચ તરીકે બોલાવી પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે તૈયાર પંચનામામા સહી કરાવેલી. એ વાત ખરી છે કે કોઈ ઇસમ ઉજાગરા કરેલા હોય તો તેની આંખો લાલ હોય શકે. તેમજ દવાની અસર તળે હોય તો તે લથડીયા ખાઇ શકે છે. એ વાત ખરી નથી કે ફરીયાદી પોલિસ કર્મચારી હોય હોઇ તેને અનુરુપ ખોટી તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.

**<u>રેકર્ડ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

(૦૮) ઉપરોક્ત રેકર્ડ પર રજૂ થયેલ સમગ્ર પુરાવો લક્ષ્યમાં લઇએ તો, આ કામે તપાસેલ પંચ સાહેદોએ રેઇડની કાર્યવાહી અંગે કરવામાં આવેલ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ કરેલ સરતપાસમાં પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ છે. આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં પંચ સાહેદો જણાવે છે કે, સહી કર્યા સિવાય બીજું કંઈ જાણતાં નથી. સાહેદ ડૉ.શ્રીની ઉલટ તપાસ ધ્યાને લેતાં આરોપી પક્ષે વાજબી શંકા ઉભી થયેલ હોવાનું માની શકાય તેમ છે. તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસ ધ્યાને લેતાં પણ આરોપી પક્ષે લીધેલ બચાવ બાબતે સમર્થન મળે છે અને આરોપી પક્ષ વાજબી શંકા ઉભી કરવામાં સફળ રહેલ છે. આ કામે ફરિયાદીને તપાસવામાં આવેલ નથી. આ કામના ફરિયાદી તે પોલીસ કર્મચારી છે, તેથી સ્વાભાવિક છે કે, તેમની ફરિયાદ મુજબ તપાસ કાર્યવાહી કરે. જો કે, ત.ક.અધિકારી સિવાય અન્ય કોઈ સાહેદોની જુબાની થયેલ નથી. તેઓના પુરાવાને અન્ય કોઇ તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી. વધુમાં આ કામે સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ થઈ શકે તેમ હોવા છતાં કોઇ સ્વતંત્ર સાહેદના નિવેદનો લેવામાં આવેલ નથી. ત.ક.અધિકારીની જુબાની અમુક અંશે ફરિયાદ હકીકતોને સમર્થન કરે છે પણ, સદર કામના તટસ્થ સાહેદો એવા પંચ સાહેદો હોસ્ટાઈલ થયેલા છે, અન્ય કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી. તેથી, માત્ર તપાસ કરનાર અમલદારની જુબાની પર આધાર રાખી હાલના આરોપીને તકસીરવાન ઠેરવવા યોગ્ય, વાજબી અને ન્યાયી જણાઇ આવતું ન હોઇ, તથા આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળતી કોઇ હકીકત રેકર્ડ પર આવતી ન હોઇ, તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષ ઉપરોક્ત હકીકતે પોતાનો હાલનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ

હોય, જેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** આપી, **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

- આ કામના આરોપીને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧)** અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ –૬૬(બી), ૮૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ રૂા.૧૦,૦૦૦,/– (અંકે રૂપિયા દસ હજાર) પુરા ના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૬** માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૬/૦૬/૨૦૨૬<br>સ્થળઃ કલોલ. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાચી)**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |